# 1 મારી શાળા

**ચર્ચાના મુદ્દા :**

❀ શાળા કયા ગુણોનું સિંચન કરે છે ? ❀ વિદ્યાર્થીઓને શા માટે પોતાની શાળા પ્રિય છે?


શાળા એટલે જીવનના પાઠ સમજાવતું સ્થાન. વિવિધ વિષયોની સાથે શૌર્યતા અને સર્વધર્મ સમભાવ પણ શાળામાંથી જ શીખવા મળે છે.

મારી શાળા, પ્યારી શાળા, ભણતર સાથે ગણતર દેતી,
સૌથી નિરાલી મારી શાળા.

દોડીને હું વહેલો જાઉં, મિત્રો સાથે હું જોડાઉં,
વિવિધ વિષયોના રસથાળ પીરસતી,
અનોખી ન્યારી મારી શાળા.

ગાંધીજીના સત્ય-અહિંસા, સરદારની વીરતાના પાઠ,
ભગતસિંહની શહાદતને નમન સહ,
શૌર્યતાનું સિંચન કરતી મારી શાળા.

મારી શાળા, પ્યારી શાળા, સર્વધર્મ સમભાવ શીખવતી
સૌથી નિરાલી મારી શાળા.



- [ ] ગણિત
- [ ] વિજ્ઞાન
- [ ] ભાષા
- [x] બધા વિષયો

૨. ગાંધીજીએ શેની શિખામણ આપી છે ?

- [ ] હિંસાની
- [x] સત્ય-અહિંસાની
- [ ] બદલો લેવાની
- [ ] વીરતાની

૩. શાળામાં ભણતર સાથે કઈ બાબત શીખવા મળે છે ?

- [x] ગણતર
- [ ] ઝઘડાળુ પ્રવૃત્તિ
- [ ] હિંસા
- [ ] બદલાની ભાવના

**મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)**

- શાળાએ જવાના કયા લાભ છે ?

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો કાવ્યમાંથી શોધો.** synonyms

દોસ્ત = મિત્ર

સચ્ચાઈ = સત્ય

શૂરવીર = શૌર્ય

અનોખું = ન્યારું

શહીદી = શહાદત

**૨. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનનો ઉપયોગ કરીને બે-બે શબ્દો લખો.**

ત્ય - સત્ય, ત્યાગ

ધ્ય - વિંધ્ય, ધ્યેય

ન્ય - ન્યાય, ધન્ય

સ્ત - સૂર્યસ્ત, વ્યસ્ત

૩. **સંજ્ઞા (નામ)ની જગ્યાએ આવનાર શબ્દને સર્વનામ કહે છે.**

**નીચેના શબ્દોમાંથી સંજ્ઞા અને સર્વનામ અલગ કરીને લખો.**

(મારી, શાળા, તમે, ગાંધીજી, તે, મિત્ર)

સંજ્ઞા ગાંધીજી, શાળા, મિત્ર

સર્વનામ મારી, તમે, તે

૪. **શબ્દોને જોડીને વાક્ય બનાવો.**

• make new words

| | |
|---|---|
| મારી શાળા | સમાન છે. |
| વિવિધ વિષયો | પાઠ ભણાવ્યા છે. |
| સર્વધર્મ | નિરાલી છે. |
| સરદારે વીરતાના | શીખવે છે. |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. તમારી શાળામાં થતી ઈતર-પ્રવૃત્તિ વિશે ૧૦ વાક્યો લખો.

૨. તમારા મિત્રોની સાથે મળીને ચાર્ટ પેપર પર શાળાનું ચિત્ર દોરો.

• chart making
• creative writing

**સવિશેષ :**

શાળાના પુસ્તકાલયમાં ઉપલબ્ધ ગણિત વિષયના પુસ્તકોની યાદી બનાવો.

## શું તમે જાણો છો ?

પૌરાણિક સમયમાં બાળકો ઋષિ-મુનિના આશ્રમ પર રહીને જુદી જુદી વિદ્યા મેળવતા. તમારા શિક્ષક પાસેથી વિશેષ માહિતી મેળવો.